ગાંધીનગર સમાચાર
તા. ૨૨-૬-૨૦૧૩, શનિવાર

## તંત્રી સ્થાનેથી.....

### અડવાણીનાં રિસામણાં-મનામણાં

૨૦૧૪ની બગડતી બાજી સુધારી લેવા માગતા રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘે અગાઉ કયારેય ન દર્શાવી હોય એટલી સક્રિયતા સાથે ભાજપના ઝઘડતા નેતાઓ સાથે બેઠકો યોજી તેનો સીધો અર્થ એટલો જ કે સંઘના વર્તમાન સુપ્રીમોને છાશ લેવા જવું અને દોણી સંતાડી રાખવાની પરંપરાગત શરમાળ વિવેકપદ્ધતિ પસંદ નથી. એમણે હેડમાસ્તરની જેમ એક પછી એક પછી એત નેતાઓને સંઘ કાર્યાલયમાં બોલાવી એમની ફરિયાદો સાંભળીને પોતાનો ચુકાદો સંભળાવવા માંડ્યો છે. સંઘના વડા મોહન ભાગવત ઉંમરમાં અડવાણીના પુત્રની ઉંમરના હોવા છતાં પ્રોટોકોલ મુજબ અડવાણીને સામે પગલે સંઘ કાર્યાલયમાં જવાની ફરજ પડી તેની નોંધ લેવી જ રહી. સંઘના પ્રવક્તાઓ અત્યાર સુધી વારંવાર એવાં નિવેદનો કરતા રહ્યા છે કે ભાજપના સંગઠન કે રાજકારણમાં સંઘ કયારેય દખલ કરતો નથી. આવાં નિવેદનો કેટલાં પોકળ હોય છે તે ખુદ ભાજપના નેતાઓ પણ જાણે છે અને પ્રજા પણ એ મુદ્દે વાકેફ જ છે. છેલ્લે કોંગ્રેસના રાષ્ટ્રીય મહાસચિવ દિગ્વિજયસિંહે કરેલું નિવેદન યાદ કરો. આરએસએસ અને ભાજપને જૂઠું બોલવાની તાલીમ અપાતી હોવાના એમના નિરીક્ષણમાં ઘણું તથ્ય લાગે છે. અડવાણીની બોલતી બંધ કરવા માટે એમના કટ્ટર વિરોધી એવા પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષ રાજનાથસિંહ અને ગોવાની વિવાદાસ્પદ કાર્યકારિણીમાં જેમના શિરે ચૂંટણી પ્રચાર સમિતિના અધ્યક્ષનો તાજ પહેરાવાયો તે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના પરમ શુભેચ્છક મોહન ભાગવતને જ મધ્યસ્થી કરવી પડી હતી. અડવાણીએ પક્ષનાં તમામ પદો પરથી હઠી જવાની જાહેરાત કરી દઈને નેતાગીરીને મૂંઝવણભરી પરિસ્થિતિમાં મૂકી દીધી હતી. પક્ષના સ્થાપકો પૈકીના એક એવા વરિષ્ઠ નેતાની ખુલ્લી નારાજગીથી ભાજપમાં અંદરખાને ચાલતી સત્તાની સાઠમારીનો પર્દાફાશ થઈ જવા પામ્યો હતો. નરેન્દ્ર મોદીના તથાકથિત વિજય અભિયાન વિરુદ્ધ એમના જ ઘડવૈયા અને રાજકીય ગુરુએ નાક કાપીને અપશુકન કર્યા તે પછી સંઘના સર્વોચ્ચ વડાએ નાછૂટકે પોતે જ પક્ષની વહારે ધાવું પડ્યું હતું. એમના ડેપ્યુટી સુરેશ સોની દ્વારા ગોવાની કાર્યકારિણીમાં ધાર્યું નિશાન પડાવનારા ભાગવત અને વડાપ્રધાન બનવા થનગની રહેલા નરેન્દ્ર મોદી તથા પક્ષપ્રમુખ રાજનાથસિંહ માટે અડવાણીનાં રિસામણાં શિરોવેદના સમાન હતાં. આખરે ભાગવતે પોતે પ્રો-ઍક્ટિવ બની અડવાણીને મનાવવા પડ્યા હતા. એ વખતે એમણે વૃદ્ધ નેતાને ન્યાય અપાવવાની ખાતરી પણ આપી હતી. નરેન્દ્ર મોદી પોતે પણ સામે ચાલીને એમને મળી આવ્યા અને પોતાની કોઈ ભૂલ થઈ હોય એ માટે માફી પણ માગી લીધી. કદાચ એમણે અડવાણીને કોણીએ ગોળ પણ ચોંટાડી બતાવ્યો હોય. ભાગવત સાથેની અડવાણીની મુલાકાતમાં શું રંધાયું તે અધિકૃત રીતે ભાગ્યે જ બહાર આવશે પણ અડવાણીએ મોદીને ચૂંટણી સમિતિના અધ્યક્ષ બનાવી દેવામાં બિનજરૂરી ઉતાવળ થઈ હોવાની તથા એમાં રાજનાથ અને સંઘના પ્રતિનિધિ સુરેશ સોનીએ અડવાણીની સલાહ અવગણી એમને અપમાનજનક સ્થિતિમાં મૂકી દીધા હોવાની ફરિયાદ કરી હોવાનું કહેવાય છે. નીતીશકુમાર દ્વારા જદ(યુ)ને ઍનડીએમાંથી અલગ કરી દેવાથી ૨૦૧૪માં સત્તાની સંભાવના પાંખી પડી ગઈ છે એ મુદ્દે તો ખુદ ભાગવત પણ સહમત થયા હશે. અડવાણીના પ્રખર સમર્થક અને સલાહકાર સુધીન્દ્ર કુલકર્ણીએ એક લેખમાં મોદીને સરમુખત્યાર કહ્યા છે અને રાજનાથને લુચ્ચું શિયાળ કહ્યા છે. મોહન ભાગવત માટે એક તરફ હિંદુ રાષ્ટ્રવાદનો મુદ્દો સર્વોપરિ છે તો બીજી તરફ ભાજપ યેનકેન પ્રકારેણ સત્તા પર આવે એ પણ જરૂરી છે. આથી અડવાણીને એમણે પણ કોણીએ ગોળ ચોંટાડ્યો હોય તો નવાઈ નહીં.

## WEEKEND CREATIONS...


- BHARVI DANI (HILLWOODS SCHOOL, CLASS-VII)

### POWER OF WATER

It gave a shock to everyone for past one week what had happened in Uttarakhand . Many towns and villages are still missing and thousands of people are missing, some are dead and some are alive.

It all started with a bursting of a single cloud that lead to flood.The power of water is now experinced by all. So, elders had said, 'excess of anything results in bad.' The recent example is Uttarakhand. Some years ago the same thing happened in Mumbai in the year 2009. Many people had died because of cloud brust.

Rain has both good and bad effects.



For farmers rain is like a boon but for potters rain is like a curse. Children like rain the most as the hot and humid summer gets over and sometimes they get a leave from school too so they are overjoyed.

They come in all shapes and sizes yes I am talking about CLOUDS! Where on one side clouds brust and give us floods, on the other hand clouds give us rain which helps our farmers. Without rain we all would not have been able to see rivers, oceans, lakes and the earth did not have fine green plants, animals and wonderful creatures. Life too would not have been possible without rain.

In a country like England there is no fix season but in India we have seasons like summer, winter, monsoon, autum and spring. In every season a single drop of water is precious so it proves my Grandma's saying, 'પાણી અને વાણીનો સદુપયોગ કરવો જોઈએ.'

## પ્રથમ દિવસે ૩૨,૩૦૭ બાળકોએ ધોરણ-૧માં પ્રવેશ લીધો

ગાંધીનગર, તા. ૨૧

મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં રાજ્યના શહેરી વિસ્તારોમાં કન્યા કેળવણી રથયાત્રા અને શાળા -વેશોત્સવનો બીજા તબક્કાનો -ારંભ તા. ૨૦ થી ૨૨મી જૂન, ૨૦૧૩ દરમિયાન થયો છે.

-વેશોત્સવના બીજા તબક્કામાં શહેરી વિસ્તારોમાં -થમ દિવસે ૧૬,૬૭૨ કન્યાઓ અને ૧૫,૬૩૫ કુમારો સહિત ૫+ વયજૂથના કુલ ૩૨,૩૦૭ બાળકોને ધોરણ-૧માં -વેશ લીધો હતો. કન્યા કેળવણી મહોત્સવમાં લોકસહકારની ઉત્સાહભરી સામેલગીરીના પરિણામે સ્થાનિક વ્યક્તિઓ, જૂથો કે સંસ્થાઓ દ્વારા અંદાજે રૂા. ૧,૦૨,૬૦,૪૧૧ના દાન, રોકડ કે વસ્તુ સ્વરૂપે શાળાઓને -ાઞ્ થયા હતા.

તા. ૨૦મી જૂન, ૨૦૧૩ની સ્થિતિએ -થમ દિવસે ૬૨૪ બાળકોએ શાળામાં પુનઃ-વેશ મેળવ્યો હતો. ૨૫,૯૬૪ વિદ્યાર્થીઓને ધોરણ-૮માં -વેશ આપવામાં આવ્યો હતો. ૫૬૬ વિકલાંગ બાળકોનું શાળામાં નામાંકન કરવામાં આવ્યું હતું. જયારે ૨૦૫૦ કન્યાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવ્યા હતા. આંગણવાડી/ બાલમંદિરમાં ૧૦,૭૧૪ કુમાર અને ૧૦,૨૨૫ કન્યાઓ મળીને કુલ ૨૦,૯૩૯ ભુલકાઓનું નામાંકન કરવામાં આવ્યું હતું.

શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને શિક્ષણ રાજ્ય મંત્રી શ્રીમતી વસુબેન ત્રિવેદીની દેખરેખ હેઠળ ગુજરાતમાં પાયાના -ાથમિક શિક્ષણને વધુ ગુણવત્તાસભર બનાવવા સમાજ અને સરકારના સહિયારા પરિશ્રમને વધુ વેગવાન બનાવવામાં આવ્યો છે. મંત્રીમંડળના મંત્રીશ્રીઓ, પદાધિકારીશ્રીઓ અને અધિકારીશ્રીઓ કન્યા કેળવણી મહોત્સવમાં સહભાગી બની રહ્ના છે. રાજ્ય સરકારે અપનાવેલાં વ્યૂહ અનુસાર દરરોજ પાંચ શાળાઓની મુલાકાત લઈ રહ્ના છે. શાળાઓની મુલાકાત દરમિયાન -ાથમિક શાળાઓની સુવિધાઓ જેવી કે શાળાના ઓરડા, પીવાના પાણીની સુવિધા, સેનીટેશન જેવી માળખાકીય સુવિધા, શૈક્ષણિક -ગતિ, ગુણવત્તાયુકત શિક્ષણ વગેરેની ચકાસણી કરવામાં આવી રહી છે તથા સૂચનોઅનુસાર ગુણવત્તાયુકત શિક્ષણ તમામ બાળકોને સુગમતાથી -ાઞ્ થાય તે માટે આવશ્યક પગલાં લેવામાં આવી રહ્ના છે.

## જી.ડી.એમ. કોબાવાળા હાઈસ્કૂલનું ગૌરવ

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર કેળવણી મંડળ કોબા સંચાલિત જી.ડી.એમ. તથા એચ.એન.જે. કોબાવાળા હાઈસ્કૂલ, કોબાનું ધોરણ-૧૦નું બોર્ડનું પરિણામ ૭૮.૦૬ ટકા આવ્યું છે.

શાળાના મમતાબેન રાવળે ૭૪.૫૦ ટકા સાથે પ્રથમ, મિતેષભાઈ ઠાકોરે ૭૦.૮૩ ટકા સાથે દ્વિતીય અને ભરતભાઈ રબારીએ ૬૮.૬૬ ટકા સાથે તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું છે. શાળાના તેજસ્વી વિદ્યાર્થીઓને શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.



ગાંધીનગર શહેરની સેક્ટર-૨૯ની પ્રાથમિક શાળા નં. ૨ ખાતે આજે શાળા પ્રવેશોત્સવ દરમિયાન આસી. મ્યુ. કમિશનર શ્રી ચૌધરી તેમજ ભાજપના અગ્રણીઓ શ્રી રણછોડભાઈ રથવી, છાબીયા ભાના સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ફતેપુર સરકારી પ્રાથમિક શાળાનો પ્રવેશોત્સવ ઉજવાયો

ગાંધીનગર, તા. ૨૧

ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશનના ચેરમેન અને પૂર્વ કલેક્ટર ઝવેરભાઈ ચાવડા દ્વારા સરકારી પ્રાથમિક શાળા, સેક્ટર-૧૫, ફતેપુરામાં ધોરણ-૧માં અને ધોરણ-૮માં પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓને કંકુ તિલક કરી પુસ્તકો, દફતર, પેટી અને ચોકલેટ આપી મો મીઠું કરાવી શાળામાં પ્રવેશ કરાવ્યો હતો.

ફતેપુરા સરકારી પ્રાથમિક શાળામાં ધોરણ-૧માં ૭ કુમાર અને ૨ કન્યા તથા ધોરણ-૮માં ૩ કુમાર અને ૧૨ કન્યાઓએ પ્રવેશ મેળવ્યો હતો. પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓનું સ્વાગત કરી મોં મીઠુ કરાવવામાં આવ્યુંહતું. આ પ્રસંગે ઝવેરભાઈ ચાવડાએ જણાવ્યુ હતુ કે, શિક્ષકોએ બાળકોના શિક્ષણ પ્રત્યે લગાવ રાખી સારૂ શિક્ષણ પ્રાપ્ત થાય તેવા પ્રયત્નો કરવા અને સામે પક્ષે વાલીઓએ સારૂ શિક્ષણ અપાય તે માટે તકેદારી રાખવા તરફ ધ્યાન દોર્યું હતું. સમગ્ર કાર્યક્રમમાં મદદનીશ મ્યુનિસિપલ કમિશનર મનપા, ગાંધીનગર એસ.એમ. ચૌધરી, શાસનાધિકારી સી.એમ. જાદવ, મ્યુનિસિપલ કાઉન્સીલર નાયીભાઈ, શહેર ભાજપ મંત્રી કનુભાઈ દેસાઈ, વોર્ડ નં. ૬ના પ્રમુખ વસંતભાઈ રાઠોડ, સિનિયર સિટીજન્સ સોમભાઈ પરમાર, રાઠોડભાઈ, પ્રેમજીભાઈ, કે.આઈ. પટેલ તથા ગ્રામ અગ્રણીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને દાતાઓ તરફથી સારૂ દાન મળ્યું હતું.





ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં સમાવિષ્ટ જી.ઇ.બી ખાતેની -ાથમિક શાળામાં ગાંધીનગર મહાનગર પાલિકાના મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણાના હસ્તે ધોરણ-૧ અને આંગણવાડીના બાળકોનો શાળા -વેશ કરાવવામાં આવ્યો હતો. આ -સંગે બાળકોનો ઉત્સાહ વધારવા માટે ગાંધીનગર(ઉ)ના ધારાસભ્ય શ્રી અશોકભાઈ પટેલ પણ ખાસ ઉપસ્થિત રહયાં હતાં. દહેગામ નગરપાલિકા વિસ્તારની કેસરપુર -ાથમિક શાળામાં આજરોજ શાળા -વેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવની ઉજવણી ગ્રામજનો દ્વારા ઉત્સાહભેર કરવામાં આવી હતી. ગુજરાત રાજય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડના અધ્યક્ષ શ્રી વાડીભાઈ પટેલે ધોરણ-૧ અને આંગણવાડીના બાળકોની -વેશવિધિ સંપન્ન કરાવી હતી.

## શિવરંજનીની 'રજૂઆત'...!! ઝરમરતાં વરસાદમાં માતૃભાષાની મીઠાશ ભર્યા મુશાયરામાં નિખર્યા 'શ્યામલ-સૌમિલ મુનશી'..!!

ગઝલનાં રસિયાઓ માટે માત્ર અને માત્ર ગુજરાતી ભાષાનાં ગૌરવ, માતૃભાષાનાં ગૌરવ, માતૃભાષાનાં મીઠાશની ગઝલનો ગુલદસ્તો અને એય એકદમ તાજાં ફુલોનો, ચોટદાર અને હૃદયસ્પર્શી ગઝલનો ઝરમરતાં




વરસાદમાં મુશાયરો અને એમાં રસઝરતી વૈવિધ્યસભર ગઝલને પ્રેક્ષકોને ભીંજવવાં શ્યામલ-સૌમિલ મુનશી એમની જૂગલબંધીમાં વરસી પડે એટલે શતપ્રતિશત આપણાપણાંનો અહેસાસ થાય...

નવપલ્લવીત દશાબ્દી વર્ષ ઉજવી રહેલી ગાંધીનગરની સાંસ્કૃતિક કાર્યક્રમોની પાયોનીયર સંસ્થા શિવરંજનીની સ્થાપના ૧૯૭૨માં થયેલી સંગીતનાં શેરમાર્કેટમાં અનેક ઉતાર ચઢઆવ જોવા છતાં એનાં શેરધારકોને પૂરતું વરતર આપવામાં સફળ રહેલી આ સંસ્થાએ છેલ્લાં દસ વર્ષમાં વૈવિધ્યસભર સંગીતને વરેલાં કાર્યક્રમો જ પીરસ્યાં છે, અને એનાં માનમાં ગુજરાતનાં શિરમોર સમાન 'શ્યામલ-સૌમિલ'નાં કંઠે ગઝલનો કાર્યક્રમ રાખી એની મહેફીલ ઉજવવાનું આ વર્ષાઋતુનાં આગમનને સૌને આવકારી આનંદ અનુભવીએ છીએ એવો ટહૂકો જયરાજસિંહ સરવૈયાએ કર્યો...

સંસ્કારી સંગીતનાં માહોલ સાથે કોઈ સમાધાન નહીં કરવાનો રણકાર શિવરંજનીનાં પ્રમુખ વાગ્મીન બુચે કર્યો. સુગમ સંગીતનાં તમામ રેન્જનાં કલાકારો, લાલીત્ય પ્રવૃત્તિ, કાવ્ય ગોઠડી, શ્રેષ્ઠ કલાકારો જેમાં હરિપ્રસાદ ચૌરસીયા પણ આવી જાય, ટ્રેડીશનલ કવ્વાલી જેવાં સતત કંઈક નવું સંગીત મળે એવાં કાર્યક્રમો યોજયાં છે અને સપ્ટેમ્બરમાં ત્રિદિવસીય મહોત્સવ સાથે ૨૧ જૂને વિશ્વ સંગીત દિવસે પોલીસ બેન્ડની સુરાવલી છેડવાની જાહેરાત થઈ હતી...

શ્યામલ-સૌમિલ મુનશી ૩૨ વર્ષથી સંગીતક્ષેત્રે કાર્યરત છે. ભક્તિ - પ્રાચીન - અર્વાચીન - ગીતો - ગરબા - ગઝલ... કોઈ ખૂણે સંગીત ક્ષેત્રે સુનો નહીં, બગાસુ, છીંક, ઓડકાર અને અંતરસનાં અવાજ પણ એમનાં કોઈ રાગ આધારિત નીકળે એવાં સંગીત સમર્પીત આં બંને બંધુઓએ આજનાં ઉપક્રમે માત્ર ને માત્ર ગુજરાતી ગઝલ જ ગાશે એવો નિર્ધાર વ્યક્ત કર્યો... બાળકો જેમ રમતા રમતા શીખે એમ બંને ગઝલ જમતાં જમતાં શીખેલાં છે. એમના પિતા ગઝલ પીરસે, ગઝલ-નઝમ-મુક્ત-રૂબાઈ-મકતા-મત્લા જેવા શબ્દોની સમજ ડાઈનીંગ ટેબલ પરથી મળેલી, ગુજરાતી ખ્યાતનામ ગઝલકારોની રચનાઓ આમને કંઠસ્થ, તેઓ પહેલાં ગઝલ પઠન કરતાં અને બાદમાં ગાતાં થયેલાં... શેર-શાયરીને સૂરની સંગત એટલે 'શ્યામલ-સૌમિલ' એમ કહેવામાં કોઈ અતિશ્યોક્તિ નહીં કહેવાય...

કોઈ સ્મિતે સ્મિતે સળગે છે, કોઈ લડીને દિલ બહેલાવે છે.
કોઈ ટીપે ટીપે તરસે છે, કોઈ જામ નવા છલકાવે છે

કાર્યક્રમનાં ઉઘાડમાં સૈફ પાલનપુરીની ગઝલ 'નિસ્બત છે અમારે ધરતીની, તુજ સ્વર્ગનું વર્ણન કોણ કરે? વિખરેલ લટોને ગાલો પર, રહેવા દે પવન તું રહેવા દે, પાગલ આ ગુલાબી મોસમાં, વાદળનું વિસર્જન કોણ કરે? અદ્ભૂત શબ્દોનાં સહારે સરગમનો ટૂકડો લલકારી હૃદયસ્પર્શી ગઝલને લાગણીશીલ રજૂઆત કરી દીધી... નખશીખ સુંદર એવાં કવિ રાજેન્દ્ર શુક્લની રચના અને રાગ હિરવાણીમાં 'લો કરૂં કોશિસને ફાવે તો કહું, શબ્દ એને સમાવે તો કહું... નોટેશનની મસ્તી રજૂઆતથી ગઝલ એનાં આયામ પર પહોંચી ગઈ...'

આમ તો મુશાયરામાં પરંપરાગત શાયરોની પ્રખ્યાત ગઝલો આવી એવું જ જોવા મળે જયારે અહીં શાયર હિતેન આનંદપરા જેવાં નવાં શાયરની ચોટદાર રચના 'લક્ષ્મીની જેમ જ લાગણીઓ ગણે છે, આ માણસ બરાબર નથી, ગણે છે ને ઓછી પડે તો લડે છે, આ માણસ બરાબર નથી... અત્યંત વાસ્તવિક અને ભાવવાહી ગઝલની શૂરા જેવી રજૂઆતમાં એક પંક્તિ'

### નથી કાંઇ નીપજતું જો દુનિયાની સામે તો કેવાં ધખારાં કરે છે ઘરે જઇ પોતાનાં જણને વઢે છે, આ માણસ બરાબર નથી

નથી કાંઈ નીપજતું જો દુનિયાની સામે તો કેવાં ધખારાં કરે છે, ઘરે જઈ પોતાનાં જણને વઢે છે, આ માણસ બરાબર નથી... આહ અને વાહ કરાવતી આ રચનાં આખાય કાર્યક્રમની સૌથી શ્રેષ્ઠ રચનાં બની રહી...

### ઉઘડતે પડદે

- સંજય થોરાત

રાગ માલકૌસ પર આધારિત મનોજ ખંડેરીયાના રચના 'હાથમાં કારોબાર રાખ્યો તેં, મને બારોબાર રાખ્યો તેં... શાસ્ત્રીય સંગીતની ઉપાસના કરતાં આ 'શ્યામલ-સૌમિલ' બેલડીએ રાગને આલાપી રાજન-સાજન મિશ્રાની યાદ અપાવી દીધી... કિ-બોર્ડ પર સિતારનાં ઝંકાર સાથે 'એક ડગ છૂટથી ભરીનાં શકું, ખીણની ધારોધાર રાખ્યો તેં' ગઝલ શબ્દ-સૂરથી શણગારાઈ ગઈ... ગુજરાતી બોલચાલની ભાષાનાં શબ્દોનાં ઉપયોગથી રચાયેલી મુકેશ જોષીની ગઝલ 'પાનખરમાં પાન ખરે ને, ઝાડનો આખો વાન ખરે, ત્યારે સાલું લાગી આવે' અને એની પાછળને પાછળ ગુજરાતનાં ગાલિબ એવાં 'મરીઝ'ની રચનાં 'એ રીતથી છવાઈ ગયા છે ખ્યાલમાં, આવેશને ગણી લીધો છે વહાલમાં... એકબાદ ગુજરાતનાં વિણેલાં મોતી જેવા ગઝલકારોની રચનાં અને 'શ્યામલ-સૌમિલ' નાં રેશમી સૂર-સ્વરાંકન મહેફિલ એનો રંગ પકડતી રહી...

અમદાવાદનો મહિમા ગાવા 'આપણું અમદાવાદ - સૂરીલું અમદાવાદ' નાં આલ્બમની રચના થયેલી અને એમાં આદિમ મન્સુરીની રમતીયાળ ગઝલ 'દૃષ્ટિ ફરેબ થાય છે માણેક ચોકમાં, બુદ્ધિએ છેતરાય છે માણેક ચોકમાં' મજાથી માણવા જેવી રચના બની રહી...

પંડિત ઓકમારનાથ ઠાકુરનાં જન્મદિને એટલે કે ૨૪ જૂને, ૧૯૭૨નાં રોજ 'શિવરંજની'ની સ્થાપના થયેલી એનાં આદ્યસ્થાપકો રાજેન્દ્ર ભટ્ટ, આર.સી.જોષી, ઉદય શુક્લ અને પુરોહિત સાહેબનું મોમેનેટોથી વિશેષ સન્માન કરવામાં આવ્યું, માત્ર ૫૦ સભ્યોથી શરૂ થયેલી આ સંસ્થાનાં ખટ-મીઠ્ઠાં અનુભવ રાજેન્દ્ર ભટ્ટે વાગોળી ભવિષ્યમાં કોઈ પણ શાસ્ત્રીય કલાકારોને બોલાવવામાં મદદરૂપ થવાની ખાત્રી આપી...

ઝરમરતાં વરસાદમાં પધારેલાં શ્રોતાઓ માટે શ્યામલ મુનશી દ્વારા રચિત વરસાદ પરની ગઝલ 'દરિયા દૂર દૂરની નદીઓ નોંતરે એવો વરસાદી માહોલની ભીનાશ લાવી દીધી...' પીધાં જગતનાં ઝેર એ શંકર બની ગયો,' જલન માતરીની રચના 'રહસ્યોનાં પડદા પાડી તો જો, ખુદા છે કે નહીં હાક મારીને તો જો, હું પકડીને પાંખો જ કાપી લઈશ, તે ગઝલમાં કબૂતર ઉડાળી તો જો' ભાઈ વાહ...

સંવેદનાના સૂર ઝણઝણાવતી શ્યામલ મુનશીની રચના 'ચેતના, સંવેદનાને લાગણી તરફ, આપણે પાછા વળીએ આપણી તરફ' સ્વરાંકન પણ સુંદર રહ્યું... જીવનને ઉજવણી કરવાની વાત કરતી ડૉ. અશરફ ડબાવાલાની ગઝલ 'ઘરમાં એવા કોક ચોઘડીયા આવે, ફૂટે આંખમાં પાણી ત્યારે ખડિયા આવે...' વાંસળીનાં સૂરોએ આ ગઝળને માદકતાં અપાવી દીધી...

ગુજરાતી એટલે કે આપણી માતૃભાષાના વર્ધન-સંવર્ધનનું કાર્ય શ્યામલ-સૌમિલ-આરતી મુનશી કરી રહ્યાં છે, આ અત્યંત કપરૂં કામ તેઓ હાથ હસેલાં થઈ જાય એટલાં પ્રયત્નો સાથે કરે છે. સંગીત સદાય સૌની સાથે ના સંકલ્પને સિંચવાનાં સંનિષ્ઠ પ્રયત્નમાં ચંચલ-કોમલ-નિર્મલ-શિતલના કન્સેપ્ટ પર ગુજરાતી સંગતી પારિવારીક બને એ માટે અનેક પ્રોજેક્ટ ચલાવે છે... 'સ્વર સેતુ' એ સંગીતને માધ્યમ દ્વારા જોડવા એક માસિક બહાર પાડે છે, એક સ્કૂલ હળવીફૂલ, વાર્તાનો વૈભવ... અનેક કાર્યો થકી ગુજરાતી ભાષાનું ગૌરવ વધારવાનું ભગીરથ કાર્ય આપણે ઉપાડ્યું છે...

ગની દહીંવાલાની રચના 'ખૂદા તારા છીએ બંધા અમે બંધાયેલા છીએ, પરંતુ શિશ નમેલું છે અધિક શરમાયેલા છીએ...' ગાંધીનગરનાં કવિ હર્ષ બ્રહ્મભટ્ટના ગઝલ સંગ્રહ 'એકલતાની ભીડમાં' ની વીણેલી ગઝલ 'શબ્દમાંથી અર્થ છૂટા થાય છે, વેદના શું છે હવે સમજાય છે...' મનોજ ખંડેરીયાની ગઝલ અને કાર્યક્રમની અંતિમ પ્રસ્તુતી 'પૂછ એને કે જે શતાયુ છે, કેટલું કયારે કયાં જીવાયું છે.' અને આનો એક શેર 'આપણો દેશ છે દશાનંદનો, આપણો મહાયલો જટાયુ છે, તારે કાજે ગઝલ મનોરંજન મારે માટે તો પ્રાણવાયુ છે.' ગુજરાતી માતૃભાષાની કદર કરતાં 'શ્યામલ-સૌમિલ' ગઝલની ધમણ ફૂકીને માતૃભાષાની મીઠાશ ધબકતી રાખી છે, એમની 'રજૂઆત' સૌને ગુજરાતીપણાનો સતત અહેસાસ કરાવે એવી શુભેચ્છા...

